૬

સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળની સરકારી સંસ્થાઓના કરાર આધારિત શિક્ષકોની માસિક ફિક્સ વેતનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/msm/e-file/૧૭/૨૦૨૨/૨૩૭૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૯/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૦૬/ન.બા.૦૨/છ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૨/૨૦૧૦નો હુકમ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૦/હા.૧૫/છ

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૩/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક:-અપગ/૧૯-૨૦/૨૦૩

## આમુખ:-

સમાજ સુરક્ષા ખાતા દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ ઓબ્ઝર્વેશન હોમ, ચિલ્ડ્રન હોમ, સ્પેશ્યલ હોમ, અંધશાળા, અપંગ બાળ ગૃહ, બહેરા મુંગા શાળા, માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓ સરકારી રાહે ચલાવવામાં આવે છે. આ સરકારી સંસ્થાઓમાં બાળકોને રક્ષણ આપવુ, તેઓ માટે ભોજન કપડાં, ચિકિત્સા જેવી સગવડો ઉપરાંત બાળકોને અક્ષરજ્ઞાન તથા સીવણ, સુથારી કામ જેવા ઉધોગો માટે તાલીમની વ્યવસ્થા કરવામાં આવે છે. નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત સરકારી શાળાઓમાં વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી ૩૪ ભાષા શિક્ષક અને ૩૪ ઉધોગ શિક્ષકની જગ્યાઓ રૂ.૩૫૦૦/- ફિકસ પગારથી આઉટસોર્સીંગથી ભરવાની મંજુરી આપવામાં આવેલ. પરંતુ આઉટસોર્સીંગથી શિક્ષકો મળતા ન હોઈ વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના હુકમથી ૨૦ મદદનીશ શિક્ષક ઉમેદવાર ગૌણસેવા પસંદગી મંડળ તરફથી ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧ માસ તે બે પૈકી જે વહેલું હોય તેટલા સમય માટે આ જગ્યાઓ પૈકી ભાષા શિક્ષક અને ઉધોગ શિક્ષકને માસિક રૂ.૩૫૦૦/- ફિકસ પગારથી ઠરાવેલ બોલીઓ અને શરતોને આધીન ભરવાની મંજુરી આપેલ છે. નિયામકશ્રી સમાજ સુરક્ષાએ વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના પત્રથી ઉકત કર્મચારીઓના પગાર વધારો કરવાની દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણા અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી હેઠળની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સરકારી શાળાઓ ખાતે વિવિધ સવર્ગની ૧૧ માસ કરાર આધારીત/આઉટસોર્સની જગ્યાઓના માસિક ફિકસ વેતનમાં નીચે મુજબનો વધારો કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. આ ઠરાવનો અમલ તા.૧૨/૦૯/૨૦૨૨થી કરવાનો રહેશે.

| ક્રમ | સંવર્ગ | હાલનું વેતન | અધ્યતન માસિક ફિકસ વેતન |
|---|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષક | રૂ.૩૫૦૦/- | રૂ.૨૦,૦૦૦/- |
| ૨ | ઉધોગ શિક્ષક | રૂ.૩૫૦૦/- | રૂ.૨૦,૦૦૦/- |
| 3 | ભાષા શિક્ષક | રૂ.૩૫૦૦/- | રૂ.૨૦,૦૦૦/- |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ